
# કોંગ્રેસ કારોબારીમાં વડાપ્રધાનનો સોનિયા દ્વારા બચાવ

નવી દિલ્હી,તા.૪

કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધીએ વડાપ્રધાન મનમોહનસિંહે આજે જોરદાર બચાવ કર્યો હતો. સાથે સાથે આધાર વગરના આક્ષેપો બદલ વિરોધપક્ષોની ઝાટકણી કાઢી હતી. કોંગ્રેસ કારોબારી કમિટીની બેઠક આજે શરૂ થઈ હતી જેમા સોનિયાગાંધીએ આ સેસનની શરૂઆત કરતા વડાપ્રધાનનો જોરદાર બચાવ કર્યો હતો. વડાપ્રધાન, કેન્દ્ર સરકાર અને કોંગ્રેસ પાર્ટીના આર્થિક મોરચે બચાવ કર્યો હતો. યૂપીએ સરકાર હાલમાં ભાવવધારાના કારણે મુશ્કેલીનો સામનો કરી રહી છે. સોનિયા ગાંધીએ કહ્યુ હતુ કે સામાન્ય વ્યક્તિને આવરી લેતી તકલીફો આવી રહી છે. પરંતુ માત્ર ભારતીય લોકો જ નહી સમગ્ર વિશ્વના લોકો આ મુશ્કેલરૂપ તબક્કામાથી પસાર થઈ રહ્યા છે. ભારત પણ પડકારોનો સામનો કરી રહ્યા છે. કોંગ્રેસ વડાએ હરીફો ઉપર પ્રહારો કરતા જણાવ્યુ હતુ કે રાજ્યો દ્વારા અપનાવાવમા આવેલી ઘણી નીતિઓના અમલીકરણ થઈ રહ્યા છે. બિન કોંગ્રેસી સરકારો લોકશાહીમા જેવી અપેક્ષા હોય છે તેવી રીતે સહકાર કરી રહી નથી. સોનિયા ગાંધીએ પક્ષની અંદર ચાલી રહેલી આંતરિક લડાઈનો મુદ્દો પણ ઉઠાવ્યો હતો. સોનિયા ગાંધીએ કહ્યુ હતુ કે કોંગ્રેસને મજબૂત કરવા આંતરિક જૂથ બંધી બંધ થવી જોઈએ. આગામી વિધાનસભા અને લોકસભા ચૂંટણીનો ઉલ્લેખ કરીને સોનિયા ગાંધીએ સાથે મળીને કામ કરવા કાર્યકરોને અપીલ કરી હતી. તેમણે કહ્યુ હતુ કે લોકો કોંગ્રેસ પાસેથી ઘણી અપેક્ષા રાખી રહ્યા છે. કોંગ્રેસ પક્ષના એક કાર્યકર તરીકે વધુ મોટી જવાબદારી ઉપાડવી જોઈએ. કોંગ્રેસ પ્રમુખે આશા વ્યકત કરી હતી કે પક્ષના કાર્યકરો પડકારને ઉપાડી લેશે અને વધુ સારી રીતે કામ કરશે. ગાંધીએ ઉમેર્યુ હતુ કે પક્ષના કાર્યકરોની આંતરિક મજબૂતીના કારણે ૧૨૬ વર્ષનો ઈતિહાસ કોંગ્રેસ ધરાવે છે. જો આગામી દિવસોમાં પણ આવા જ પગલા લેવામા આવશે તો કોઈપણ ઉદ્દેશ્યને હાંસલ કરી શકાશે. લોકોનો પણ સહકાર મળશે અને જીત મળશે. વડાપ્રધાન અન્ય પક્ષ સામે આધાર વગરના આક્ષેપો બદલ વિપક્ષ અને સિવિલ સોસાયટીની ટીકા કરતા ગાંધીએ કહ્યુ હતુ કે કાવતારના ભાગરૂપે આક્ષેપો થઈ રહ્યા છે. પક્ષ આની સામે લડત ચલાવશે. લોકશાહીમાં વિરોધપક્ષીની જવાબદારી વિરોધ કરવાની હોય છે પરંતુ જે રીતે વિરોધ પક્ષો અને કેટલાક કોંગ્રેસ વિરોધી તત્વો વર્તન કરી રહ્યા છે. તે જોતા આ કાવતરાના ભાગરૂપે લાગે છે. આક્ષેપોથી દુખ થાય છે. કારોબારીમાં કોંગ્રેસના તમામ સભ્યો ભાગ લઈ રહ્યા છે.





મારી જુની કાર વેચી દીધી, મને લાગે છે, આ હાથી વધારે સસ્તો પડશે...

# વેપાર નીતિમાં સેઝમાં નવા પ્રાણ ફૂંકવા માટે નવી રાહતો જાહેર કરવાની તૈયારી

નવી દિલ્હી,તા.૪

વાણિજ્યના ઉદ્યોગ પ્રધાન આનંદ શર્મા ટૂંક સમયમાં જ ટેકસટાઈલ અને જેમ્સ એન્ડ જ્વેલરી જેવા શ્રમલક્ષી ક્ષેત્રો માટે વિદેશ વેપાર નીતિમાં શ્રેણીબદ્ધ રાહતો જાહેર કરવા માટે કમર કસી ચૂક્યા છે. આનંદ શર્મા માત્ર શ્રમલક્ષી ક્ષેત્રો માટે જ રાહતો જાહેર કરવાના મૂડમાં દેખાઈ રહ્યા નથી બલ્કે તેઓ સ્પેશિયલ ઈકોનોમીક ઝોન (સેઝ)ને પુનઃ સજીવન કરવાના પ્રયાસોની તૈયારીમાં છે.

સેઝમાં નવા પ્રાણ ફૂંકવા માટે પણ કેટલીક નવી રાહતો જાહેર કરવામાં આવી શકે છે. કંપનીઓ ક્ષમતાના મામલે પીછે હટ કરી રહી છે ત્યારે નવા મૂડીરોકાણની ગણતરી કરવામાં આવી રહી છે. બોર્ડ ઓફ એપ્રુઅલે દેશમાં ૫૮૫ સેઝ પ્રોજેક્ટોને લીલીઝંડી આપેલી છે. આશરે ૩૮૦ ઝોન નોટીફાઈડ થઈ ચૂક્યા છે પરંતુ કેટલાક ઝોન અડચણોના લીધે અટવાઈ પડ્યા છે. જમીન નહીં મળવાના કારણે પણ ઘણા પ્રોજેક્ટો રોકી દેવામાં આવ્યા છે. મળેલી માહિતી મુજબ વાણિજ્ય વિભાગ હવે આ પોલિસીને સજીવન કરવાની ઈચ્છા ધરાવે છે.

તમામ ઝોન માટે અને ખાસ કરીને નાના અને પહાડી રાજ્યોમાં વિસ્તાર જરૂરીયાતમાં ઘટાડો કરવાની તૈયારી ચાલી રહી છે. સરકારી અધિકારીઓએ કહ્યું છે કે સેઝ નીતિની દરખાસ્તો સામે મહેસૂલ વિભાગના ઘણા વાધાઓ છતાં વાણિજ્ય વિભાગ નિયુક્ત ઝોન માટે કેટલાક પગલાં જાહેર કરી શકે છે. હજુ સુધી દેશમાં ૩૮૦ ઝોન નોટિફાઈડ થયા છે પરંતુ ઘણી યોજનાઓ આડે તકલીફ પડી રહી છે.

મળેલી માહિતી મુજબ ૨૩મી એપ્રિલના દિવસે વાણિજ્ય વિભાગે સૂચન કર્યું હતું કે સૂચિત લઘુત્તમ એરિયા જરૂરીયાત (મલ્ટી પ્રોડક્ય માટે) ઘટાડીને ૧૦૦૦ હેક્ટરથી ૨૫૦ હેક્ટર કરી દેવામાં આવે તે જરૂરી છે. આવી જ રીતે મલ્ટી સર્વિસ અને સેક્ટર સ્પેશિફિક ઝોન માટે દરખાસ્તમાં ભૂમિ જરૂરીયાતને ૧૦૦ હેકટરથી ઘટાડીને ૪૦ હેક્ટર કરવાની વાત કરવામાં આવી હતી. ખાસ કેટેગરીના રાજ્યોમાં આયોજિત ઝોન માટે પણ નવી ગણતરી કરવામાં આવી રહી છે. ૧૨૩ પછાત જિલ્લાઓમાં નિર્માણ પામેલા સેઝના કેસમાં નવા ધારાધોરણ અપનાવવામાં આવશે.

## રાષ્ટ્રપતિ અને ઉપરાષ્ટ્રપતિના હોદ્દા માટે ઉમેદવારની પસંદગી કરવા સોનિયા ગાંધીને જવાબદારી સોંપવામા આવી

નવી દિલ્હી,તા.૪

કોંગ્રેસ કારોબારી સમિતિની બેઠકમાં રાષ્ટ્રપતિ અને ઉપરાષ્ટ્રપતિના હોદ્દા માટે ઉમેદવારની પસંદગી કરવા પક્ષ પ્રમુખ સોનિયા ગાંધીને જવાબદારી સોંપવામા આવી હતી. સોનિયા ગાંધી આ ટોચના હોદ્દા માટે પક્ષના ઉમેદવાર અંગે નિર્ણય લેશે. રાષ્ટ્રપતિ અને ઉપરાષ્ટ્રપતિની ચૂંટણી માટે હાલ જોરદાર લોબી કોંગ્રેસમાં ચાલી રહી છે. કોંગ્રેસમા અનેક નામ રાષ્ટ્રપતિની ચૂંટણી માટે સપાટી ઉપર આવી રહ્યા છે. જેમા નાણામંત્રી પ્રણવ મુખર્જીનો સમાવેશ થાય છે. રાષ્ટ્રપતિની ચૂટણી ટુક સમયમા યોજાનાર છે. ચૂટણી પંચ જૂનના મધ્યમાં તેનુ જોહરનામુ જારી કરવાની તૈયારીમા છે. નાણામંત્રી પ્રણવ મુખર્જીનુ નામ સૌથી ચર્ચામાં છે. કોંગ્રેસ પણ પોતાની રીતે ઉમેદવારીની પસંદગી કરવાની સ્થિતિમાં નથી. કારણ કે કોંગ્રેસ પાસે પણ પુરતા આંકડા નથી. આવા સમયમાં સર્વસંમતિ સાધવાની જરૂર પડી રહી છે. જુદા જુદા સાથી પક્ષો દ્વારા પણ રજૂઆત કરવામા આવી રહી છે. કેટલકા પક્ષોએ પીએ સાંગમાને ઉમેદવાર તરીકે ઉતારવા તૈયારી બતાવી છે. સાંગમાની દાવેદારી પર ચર્ચા ચાલી રહી છે.



# ઓરિસ્સામાં વધુ એક મંત્રીની કેબિનેટમાંથી હકાલપટ્ટી કરાઈ

નવી દિલ્હી,તા.૪


મુખ્યમંત્રી નવીન પટનાયકે આજે તેમના મંત્રાલયમાંથી વધુ એક પ્રધાનની હકાલપટ્ટી કરી દીધી હતી. ઓરિસ્સામાં બળવો કરવા નિષ્ફળ પ્રયાસ થયા બાદ નવીન પટનાયક સાવધાન થઈ ગયા છે અને તેઓએ અસંતુષ્ટોને હાકી કાઢવાના પ્રયાસો હાથ ધર્યા છે. રોરકેલા વિધાનસભા મતવિસ્તારના પ્રતિનિધિત્વ કરી રહેલા પ્રધાન શારદા નાયકની હકાલપટ્ટી કરી દેવામા આવી છે. તેમની પાસે હાલ આવાસ, શહેરી વિકાસ પ્રધાન અને એકસાઈઝ ખાતુ હતુ. નવીન પટનાયકે પહેલી જૂનના દિવસે મહિલા અને બાલવિકાસ પ્રધાન અંજલી બેહરાની હકાલપટ્ટી કરી હતી. આઉપરાંત વાણિજ્ય અને પરિવહન પ્રધાન સંજીવ શાહુની હકાલપટ્ટી કરવામા આવી હતી. નવીન પટનાયકે રાજ્યસભાના સભ્ય પ્યારે મોહન મોહાપાત્રા અને અન્ય બે ધારાસભ્યોને સસ્પેન્ડ કરી દીધા હતા. ૨૯મી મેની સાંજે નવીન પટનાયક સામે બળવો કરાવનો નિષ્ફળ પ્રયાસકરવામા આવ્યો હતો. એવખતે ઓછામાં ઓછા ૩૩ ધારાસભ્યો અને ત્રણ પ્રધાનો નાયક, બહેરા, અને શાહુ મોહાપાત્રાના આવાસ ઉપર મળ્યા હતા. અને મુખ્યમંત્રી સામે બળવો કરાવાની યોજના ઘડી કાઢવામા આવી હતી. નાયકે તેમની સામે લેવામા આવેલા પગલા અંગે હજુ સુધી કોઈ પ્રતિક્રિયા આપી નથી. પરંતુ બીજેડીના સૂત્રોએ કહ્યુ છે કે મંત્રાલયમાંથી તેમની હકાલપટ્ટી કરી દેવામા આવી છે. આના માટે અન્ય ઘણા કારણો પણ જવાબદાર છે. નવીને કહ્યુ છે કે તેઓ પોતે આવાસ અને શહેરીવિકાસ ખાતુ સંભાળશે. જ્યારે એકસાઈઝ વિભાગ પ્રફુલ્લ ઘડાઈને અપાયુ છે.



# રામદેવના ટ્રસ્ટને સર્વિસ ટેક્સ વિભાગની નોટીસ

નવી દિલ્હી,તા.૪

ઈન્કમ ટેક્સ બાદ હવે સર્વિસ ટેક્સ વિભાગે પણ યોગ ગરૂ બાબા રામદેવ સામે સંકજો મજબુત કરવાની તૈયારી કરી લીધી છે. દેશવ્યાપી યોગ શિબીર (કેમ્પ) મારફતે ઉભી કરવામાંઆવેલી તેની આવક પર ડ્યુટી ચોરી બદલ બાબા રામદેવના ટ્રસ્ટ સામે નોટીસ જારી કરવા સર્વિસ ટેક્સ વિભાગે તૈયારી કરી લીધી છે. ૪.૯૪ કરોડ રૂપિયા ટેક્સ રૂપે ચૂકવવા નોટીસ ફટકારવામાંઆવશે. મળેલી માહિતી મુજબ સર્વિસ ટેક્સ વિભાગ ઉપરાંત અન્ય સંસ્થાઓ દ્વારા પણ બાબા રામદેવ સામે તપાસ હાથ ધરવામાં આવી છે. ડિરેક્ટોરેટ જનરલ ઓફ સેન્ટ્રલ એક્સાઈઝ ઈન્ટલિજન્સ દ્વારા ૨૦૦૬ બાદથી દેશભરમાં બાબા રામદેવ દ્વારા ચલાવવામાં આવતા ટ્રસ્ટ દ્વારા હાથ ધરવામાં આવેલી જુદી જુદી પ્રવૃત્તિઓના ખાતાઓની ચકાસણી પણ હાથ ધરવામાં આવી છે. ઈન્કમ ટેક્સ વિભાગે થોડાક દિવસ પહેલા રામદેવના ટ્રસ્ટ સામે ૫૮ કરોડની નોટીસ જારી કરી હતી. તેમના હરીદ્વાર સ્થિત પંતજલી યોગપીઠ સામે નોટીસ જારી કરવામાં આવી હતી. નિવાસીઓ અને બિનનિવાસીઓ બંનેને યોગ શિબીર આયોજીત કરીને જુદા જુદા દરની કૂપનોના વેચાણનો પંતજલી ઉપર આક્ષેપ કરવામાં આવ્યો હતો. કેમ્પમાં મોટી સંખ્યામાં લોકો છેલ્લા પાંચ વર્ષમાં ભાગ લઈ ચૂક્યા છે. સર્વિસ ટેક્સ વિભાગના પગલા સામે વળતી કાર્યવાહી કરવા રામદેવના પ્રવક્તાએ કહ્યું છે અમે નોટીસનો જવાબ આપી રહ્યા છીએ. યોગ શિબીર તબીબી રાહત ઉપલબ્ધ કરાવવાના કેટેગરી હેઠળ વર્ગીકૃત છે જેને વાણિજ્ય લાભ કમાવવા તરીકે ગણી શકાય નહીં. સર્વિસ ટેક્સની જોગવાઈ હેઠળ યોગ આરોગ્ય અને ફિટનેસ સર્વિસની કરપાત્ર યાદીમાં છે.



## પ્રવાહી સ્થિતિમાં વ્યાજદરમાં ઘટાડો કરવા આરબીઆઈનો સંકેત

મુંબઈ,તા.૪

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ તેની મધ્ય ત્રિમાસીક નિતી સમીક્ષા પહેલા આજે સંકેત આપ્યો હતો કે વ્યાજદરમાં ઘટાડો કરવામાં આવી શકે છે. રિઝર્વ બેંકે કહ્યું હતું કે નબળી આર્થીક વ્યવસ્થાને કારણે સ્થિતી ચિંતાજનક બની ગઈ છે. નાણાંકિય નીતીને હળવી કરવા માટે વિકલ્પો ઉભા થઈ રહ્યા છે. વૈશ્વિક-૧૩ કિંમતમાં ઉથલ પાથલનો દોર જારી છે. આરબીઆઈના ડેપ્યુટી ગવર્નર સુબીર ગોકરને કહ્યું છે કે વિકાસ દર અપેક્ષા ઓછો દેખાઈ રહ્યો છે. ફુગાવા ઉપર તેની સીધી અસર પડી રહી છે. તેલની કિંમતો પણ અપેક્ષા કરતાં વધારે સુધરી રહી નથી. કેટલાક પરીબળો એવા છે કે જે નાણાંકીય નીતીને હળવી કરવા તરફ પ્રેરીત કરે છે. વ્યાજદર ઘટાડવાનો આરબીઆઈએ સંકેત આપ્યા બાદ બેંકોની ઉત્સુકતા વધી ગઈ છે. ૧૮મી જુનના દિવસે વર્ષ ૨૦૧૨-૧૩ માટેની નાણાંકિય નીતીની પ્રથમ મધ્ય ત્રિમાસીક સમીક્ષા જાહેર કરવામાં આવનાર છે. જેમાં કેટલાક પગલા લેવામાં આવે તેવી વકી છે. ૧૭મી એપ્રિલના દિવસે વર્ષ ૨૦૧૨-૧૩ માટે તેની વાર્ષિક ક્રેડિટ પોલીસીમાં આરબીઆઈએ ટુંકા ગાળાના ધિરાન દર અથવા તો રેપોરેટમાં ૦.૫૦ ટકા સુધીનો ઘટાડો કર્યો હતો જેથી રેપોરેટ ઘટીને ૮ ટકા થયો હતો. વર્ષ ૨૦૧૧-૧૨નાં ચોથા ત્રિમાસીક ગાળામાં ભારતને આર્થીક વિકાસ દર ઘટીને ૫.૩ ટકા થઈ ગયો છે. જે આશરે નવ વર્ષમાં સૌથી ઓછો વિકાસ દર છે.

# સચિન તેંડુલકરે રાજ્યસભાના સભ્ય તરીકે શપથ લીધા

નવી દિલ્હી,તા.૪

માસ્ટર બ્લાસ્ટર બેટ્સમેન સચિન તેંડુલકરે રાજ્યસભાના સભ્ય તરીકે શપથ લીધા હતા. આની સાથે જ સચિન તેંડુલકરે પોતાની યશ કલકીમાં નવું મોરપીંછુ ઉમેર્યું હતું. સચિન તેંડુલકરની રાજ્યસભાના સભ્ય તરીકે તાજપોશી કરવામાં આવ્યા બાદ તે સંસદ સભ્ય બનનાર પ્રથમ સક્રિય સ્પોર્ટ્સ પર્સન બની ગયો છે. સચિન તેંડુલકરે રાજ્યસભાના ચેરમેન અને ઉપરાષ્ટ્રપતિ હમીદ અન્સારીના ચેમ્બરમાં હોદ્દા અને ગુપ્તતાના શપથ લીધા હતા. હિન્દીમાં શપથ લીધા બાદ સચિન તેંડુલકરે કહ્યું હતું કે તેની લાંબી ક્રિકેટીંગ કારકીર્દીના કારણે રાજ્યસભામાં પહોંચ્યો છે. ક્રિકેટ રમવાનું ક્યારેય છોડવાનો સચિને ઈન્કાર કર્યો હતો. સચિને ઉમેર્યું હતું કે સંસદમાં રમત ગમત સાથે સંબંધિત મુદ્દાઓને તે ઉઠાવશે. ભારતમાં તમામ રમત ગમતમાં યોગદાન આપનાર વ્યક્તિ તરીકે તેને યાદ કરવામાં આવે તેમ તે ઈચ્છે છે. સચિન તેંડુલકરની રાજ્યસભામાં એન્ટ્રીને લઈને દેશના ક્રિકેટ પ્રેમીઓની સાથે સાથે રાજકારણીઓમાં પણ છેલ્લા ઘણા સમયથી ચર્ચા ચાલી રહી હતી. અગાઉ આજે સવારે સચિન તેંડુલકર તેની પત્ની અંજલી તેંડુલકર અને આઈપીએલના ચેરમેન અને સાંસદ રાજીવ શુક્લા સાથે સંસદ પહોંચ્યો હતો. વિશ્વ ચેસ ચેમ્પિયન વિશ્વનાથન આનંદે ગઈકાલે કહ્યું હતું કે રાજ્યસભાના સભ્ય તરીકે સચિનની એન્ટ્રીથી તે પોતાની લાઈફમાં વધુ એક મોટું પગલું લઈ રહ્યો છે. વિશ્વનાથન આનંદે તેની નવી ભૂમિકા બદલ સચિન તેંડુલકરને શુભેચ્છા પાઠવી હતી. બીજી બાજુ ભારતીય કેપ્ટન મહેન્દ્રસિંહ ધોનીએ કહ્યું છે કે સચિન જે રીતે ક્રિકેટમાં શ્રેષ્ઠતા સાબિત કરવામાં સફળ રહ્યો છે તેવી જ રીતે રાજ્યસભાના સભ્ય તરીકે પણ યોગદાન આપવામાં સફળ રહેશે. સંસદના ઉપલા ગૃહ રાજ્યસભા માટે આ વર્ષની શરૂઆતમાં એપ્રિલમાં તેની પસંદગી કરવામાં આવી હતી. જો કે સચિન તેની ક્રિકેટ કટિબદ્ધતાના કારણે શપથ લઈ શક્યો ન હતો. સચિન પહેલાંથી જ કહીં ચૂક્યો છે કે તે રાજકારણમાં સામેલ થવા ક્રિકેટને છોડશે નહીં. એક સ્પોર્ટ્સ પર્સન તરીકે તે હમેશા રહેશે. રાજ્યસભા માટે સચિન તેંડુલકરની પસંદગીથી રાજકીય વર્તુળોમાં આશ્ચર્યનું મોજું ફેલાયું હતું. ક્રિકેટ પ્રેમીઓ પણ આશ્ચર્ય વ્યક્ત કરી રહ્યા હતા. એક વર્ષમાં ૨૫૦ દિવસ સુધી ક્રિકેટમાં વ્યસ્ત રહેનાર એક ક્રિકેટર સંસદીય ફરજને કઈ રીતે ન્યાય આપી શકે છે તેને લઈને પ્રશ્નો ઉઠી રહ્યા હતા. સચિન તેંડુલકરે અગાઉ રાજ્યસભામાં પ્રવેશ કરવા માટે વધુ સમય માંગ્યો હતો. કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધીએ રાજ્યસભામાં પ્રવેશ કરવા સચિન તેંડુલકરને ઓફર કરી હતી અને આ ઓફર સચિને સ્વીકારી લીધી હતી. આ વર્ષે માર્ચ મહિનામાં સચિન તેંડુલકરે પોતાની આંતરરાષ્ટ્રીય કારકીર્દિની ૧૦૦મી સદી પૂરી કર્યા બાદ રાજ્યસભા માટે તેની પસંદગી કરવામાં આવી હતી. સત્તાવાર સૂત્રોના જણાવ્યા મુજબ ગૃહમંત્રાલયે સોસિયલ સર્વિસ કેટેગરી હેઠળ સચિનનું નામ મોકલી દીધું છે.



# વિમાની ટિકિટ ઉપર સર્વિસ ટેક્સ નાબૂદ કરવા દરખાસ્ત

નવી દિલ્હી,તા.૪

નાગરિક ઉડ્ડયન મંત્રાલયે જેટ ફ્યુઅલ ઉપર ટેક્સ ઘટાડવા માટેની તૈયારી કરી લીધી છે. જેનાથી મુશ્કેલની સામનો કરી રહેલી સ્થાનિક એરલાઈનો માટે ખર્ચમાં ઘટાડો કરી શકાશે. દરમ્યાન મંત્રાલયે વિમાની ટીકિટ પર સર્વિસ ટેકસને નાબુદ કરવાની પણ દરખાસ્ત તૈયાર કરી છે.સ્થાનિક એરલાઈન્સ ઉપર હાલ વીસ અબજ ડોલરનુ દેવુ થયેલુ છે. અને વાર્ષિક નુકસાન બે અબજ ડોલરની આસપાસ છે. નાગરિક ઉડ્ડયન મંત્રાલયે જેટ ફ્યુઅલ ઉપર ટેક્સ ઘટાડવા અંગે સંબંધિતો પાસેથી અભિપ્રાય માંગ્યા છે. જેટ ફ્યુઅલ પર ટેક્સને ઘટાડીને એકસમાન ચાર ટકા કરવાની વાત કરવામા આવી છે. તેની વેબસાઈટ ઉપર મુકવામા આવેલા ચર્ચા પેપરમાં આ મુજબની વાત કરવામા આવી છે. જુદા જુદા રાજ્યો એવીએશન ટર્બાઈન ફ્યુઅલ પર જુદા જુદા ટેક્સ લાગુ કરે છે. જેથી ગૂંચવણભરી સ્થિતિ ઉભી થાય છે. આવી સ્થિતિમાં એકસમાન યુનિફોર્મ ટેક્સ લાગુ કરવાની હિલચાલ ચાલી રહી છે. ફ્યુઅલ ટેક્સમાં ઘટાડાથી ભારતીય કેરિયર તેમના સંબંધિત ક્ષેત્રોમાં યાત્રીઓને વધુ સારી સુવિધા આપવા માટે સક્ષમ બનશે. સાથે સાથે આંતરરાષ્ટ્રીય કેરિયર સાથે સ્પર્ધા કરી શકશે. મંત્રાલયે એર ટિકિટ પર સર્વિસ ટેકસ નાબુદ કરવાની દરખાસ્ત કરી છે જેનાથી વિમાની યાત્રા પરિવહનના અસર સાધન કરતા લકઝરી બનશે.

## આપણી સંસ્કૃતિ અને પર્યાવરણ

(પાના નં. ૪ નું ચાલુ)

તપ કે સાધના માટે માટે ઉત્તમ સ્થળ કયું? તે બાબતે શ્વેતાસ્વતરોપનિષદમાં લખ્યું છે કે -

સમે સુચૌ શર્કરાવાહિબાલુકા, વિવર્જિતે શબ્દજસજિભિ।
મનોનિકુલ ન તુ ચક્ષુ પીડને, ગુહાનિવાતા, શ્રવણે પ્રજોજયેમ્॥

આ મંત્રમાં ધ્યાન યોગ માટે ઉત્તમ સ્થાનનું વર્ણન કરવામાં આવ્યું છે. તે અનુસાર ધ્યાન યોગના સાધકે સેવા સ્થળે પોતાનું આસન રાખવું જોઈએ જયાં ભૂમિ સમતલ હોય, જે સર્વ પ્રકારે શુધ્ધ હોય, જયાં કચરો કે કાંકરા તેમજ મેલું પડેલું ન હોય, ઝાડી ઝાંકરાં સાફ કરેલાં હોય અને બીજા બધાં સ્થળો કરતાં તે પવિત્ર હોય, જેમ કે, દેવાલય, તીર્થ સ્થળ, પૂજાસ્થળ વિગેરે જયાં કાંટા કાંકરા કે ધૂપ ન હોય, અગ્નિ કે તડકાની ગરમી ન હોય, કોલાહલ બિલકુલ ન હોય. અર્થાત તે સ્થળ ધ્વનિ પ્રદૂષણથી મુક્ત હોય. બાજુમાં જળાશય અથવા કૂવો કે વાવ હોય જેનું પાણી પ્રદૂષિત રહિત હોય, આ બધી બાબતોને ધ્યાનમાં રાખી નક્કી કરેલ એકાન્ત સ્થળે ધ્યાન ધરને સાધના કરવાથી આધ્યાત્મિક શાંતિ મળે છે.

આપણી સંસ્કૃતિમાં સ્વચ્છતાનું ઘણું મહત્વ છે. બ્રહ્મ મુહૂર્તમાં ઉઠવાનો નિયમ છે. શૌચ, મુખ પ્રક્ષાલન, દંતમંજન, સ્નાન, પૂજા-અર્ચના સૂર્યોપાસના, ગાયત્રી સાધના, યજ્ઞ કર્મ વિગેરે સંસ્કારો તેના અભિન્ન અંગ છે. તેનાથી મન અને શરીર પવિત્ર રહે છે. શૌચક્રિયા માટે જંગલમાં દૂર સુધી જવાથી પ્રાતઃ ભ્રમણ પણ થઈ જાય છે. જેથી કબજીયાત, હૃદયરોગથી બચી શકાય છે. રોજ વાસણ માંજવા, રસોડું સાફ રાખવું, ખુલ્લા પગે ભોજન કરવું, અલગ જ વાસણમાં ભોજન કરવું, પાણી પીવા માટે સૌના અલગ વાસણ રાખવાં, પાણીને વારંવાર ગાળવું, અગ્નિમાં ભોગ આપવો વિગેરે પર્યાવરણ સંરક્ષણના પ્રતિક છે.

જગ કલ્યાણ માટે પંચ મહાભૂત અર્થાત્ પર્યાવરણનાં પાંચ તત્ત્વોની સ્થિતિ તેની શુધ્ધતા અને સંતુલન આવશ્યક છે. વેદોમાં ઔષધો અને વૃક્ષોની પ્રશંસા કરતા અનેક મંત્રો મળે છે. ઋગ્વેદમાં સરસ્વતી નદીનું ગાન કરવામાં આવ્યું છે. (ઋગ્વેદ - ૨-૪-૯૬) તે પર્યાવરણ પ્રત્યેની આસ્થાનું પ્રતિક છે. અપરિગ્રહવાદ, અણુવ્રત, સમતા, સ્વચ્છતા, અહિંસા, સેવા, ક્ષમા, આત્મ ચિંતન, સત્ય, વિવેક તેમજ સ્વાધ્યાય જેવા ગુણો માનવને પર્યાવરણ સંરક્ષણ પ્રત્યે જવાબદાર બનાવે છે. પ્રકૃતિને પ્રેમ અને તેના સહચર્યથી માનવ પર્યાવરણ પ્રદૂષણથી બચી શકે છે. એ રીતે ભારતીય સંસ્કૃતિ સદાય પર્યાવરણ સંરક્ષણનો સંદેશ આપે છે.

## મોંઘેરા મોતી (પાના નં. ૪ નું ચાલુ)

પરિણામ હોય એના આગલા દિવસે રાત્રે બાર એક વાગ્યા સુધી સાથી મિત્રો શિવરાજ મહેતા, નટવર આહલપરા, જીતેન્દ્ર રાજયગુરુ અને જિજ્ઞેશ મહેતા સાથે મેસેજ આપતી સુંદર વિચાર અને સુંદર સ્લોગનવાળી જાહેરાત માટે પરામર્શ થાય અને જાહેરાત તૈયાર થાય છે. તેને વાંચવા લોકો પ્રતિક્ષા કરતા હોય છે.

તેમની સાથે મેં અનેકવાર ચર્ચા કરી છે. ગંભીર સમસ્યાનો ઉકેલ શાંતચિત્તે, સ્મિત સાથે હળવી રીતે જવાબ આપવાની કળા, સૂઝ તો તેમની પાસે હસ્તગત છે. તેમણે ધારેલા પાસા ઊલ્ટાં પડે તો પણ તેને સુલટાવવાની ક્ષમતા તેઓ ધરાવે છે.

કૉમ્પ્યુટર યુગ વિશે મેં એમની પાસે મંતવ્ય માંગેલું. ત્યારે તેમણે મને કહ્યું હતું : 'કૉમ્પ્યુટર યુગ આવકાર્ય છે. તેના દૂષણોથી દૂર રહી યોગ્ય ઉપયોગ કરવામાં આવશે તો જરૂર સફળતા મળશે. સતત વ્યસ્ત રહેતા આ માનવીને વાંચન કરવું ઘણું ગમે છે. વ્યસ્તતા વચ્ચે થોડો સમય બચાવી વાંચી પણ લે છે. તેની પ્રતીતિ મને છે. ખૂબ કાર્યરત કૃષ્ણકાન્તભાઈ માટે તેમનાં પત્ની કુસુમબહેન ભાવથી મગનું પાણી કે જયૂસ કે ટીફીન મોકલતાં તો કયારેક મગનું પાણી કે જયૂસ પીવાનું કે જમવાનું ભૂલી જાય છે. એનો હું સાક્ષી રહ્યો છું.'

માતાપિતાની સંસ્કાર પરંપરાને જાળવી રહેલાં કૃષ્ણકાન્તભાઈ ગૌશાળાની ગાયો, વૃધ્ધાશ્રમના વૃધ્ધો, મૂંગા જીવો, અનાથ-નિરાધાર લોકો પ્રત્યે અને ગરીબ, આર્થિક રીતે નબળા અને વિધવા માતાના સંતાનોની ફી માફી કરી આપે છે, તો ઓછી ફી લઈને હપ્તાથી ફી ભરવાની સગવડ પણ આપી રહ્યાં છે. આજે દેશમાં અને દેશ બહાર તેમના હજારો વિદ્યાર્થીઓ ઉજ્જવળ રીતે કાર્યરત છે અને તેમના સંતાનોને ધોળકીયા શાળા સંકુલમાં, જ્ઞાનગંગા કલાસિસમાં અભ્યાસ અર્થે મોકલે છે. કૃષ્ણકાંતભાઈના ચહેરા ઉપર કયારેક થાક નહીં પણ સદાય સ્ફૂર્તિ અને સ્મિત જ જોવા મળે છે. કયારેક ટી.વી. જોઈ શકતા. તેઓ બાધા, આખડી, માનતા કે આસ્થામાં માનતા નથી. હા, કયારેક એકાદશીનો ઉપવાસ કરી લે છે. પૂજા પાઠ, દેવદર્શન કરતાં-કરતાં તેઓએ સ્વદેશમાં અને વિદેશોમાં પ્રવાસો કર્યા છે. શ્રીનાથ દ્વારા, સોમનાથ, સુંદરી ભવાની. જેવા ધાર્મિક યાત્રાધામોમાં અવારનવાર વંદના કરવા જતાં કૃષ્ણકાન્તભાઈ અનેક સામાજિક, શૈક્ષણિક સંસ્થાઓ સાથે સંકળાયેલા છે.

તેઓને અભિનંદનની વર્ષાનો અનુભવ થયો છે. તેમ કડવા વેણના કરા પણ સહન કરવા પડ્યા છે.

રાજ ચેમ્બર્સની અગાશી ઉપર કે ઑફિસમાં મિત્રો સાથે વરસતાં વરસાદે ગરમાગરમ ફૂલવડાં, ભજિયાં, ગાંઠિયાને ઉપરથી ચાની ચુસ્કી લેતાં કૃષ્ણકાન્તભાઈ સાથે હળવી મજાક થાય અને તેઓ પણ મજાક કરે. એવાં દશ્યો ટૉનિક બન્યાં છે, તો સરકારી, પારિવારિક અણધારી આફતમાં તેઓ હિંમત હાર્યા નથી. બલ્કે, સ્વસ્થ રહ્યા છે. તેમના જીવનમાં યાદગાર સુખદ અને દુઃખદ અકસ્માતો પણ સર્જાયા છે. પણ તેઓ કયારેય ડગ્યા નથી. તેમણે ઈશ્વર શક્તિ પર અતૂટ વિશ્વાસ છે.

પરિવારમાં જ નહીં પણ સમગ્ર સમાજમાં વ્યાપેલી કુરૂઢિ સામે તેમને ભારે દુઃખ છે. તેના માટે તેઓ યથા યોગ્ય પ્રયત્ન કરી રહ્યાં છે. હું ઘણીવાર વાત-વાતમાં પૂછતો કે 'આપ તો ઘણું દાન કરતાં હશો કેમ?' પણ મને ઉત્તરમાં કાંઈ ન મળ્યું.

હસતાં-હસતાં સૌની સાથે હળી-મળી પ્રેમપૂર્વક કાર્ય કરવું. એ તેમનું સરસ અવતરણ છે. જીવન સુંદર છે, સંસાર, સૃષ્ટિ સુંદર છે. માનવ સાથે માનવ બની જીવી લેવાની નેમ ધરાવતાં કૃષ્ણકાન્તભાઈના દીર્ઘાયુ માટે શુભેચ્છા, અભિનંદન.